**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળના લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર

**ઠરાવ ક્રમાંકઃ–અવક/૧૩૦૪/૧૫૮૭/૪૫૪૩૬૬(૧૧)/જ**

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

સચિવાલય,ગાંધીનગર

તારીખઃ– 24 FEB 2012

વંચાણે લીધા :–

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૫/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ– અવક/૧૩૦૪/૧૫૮૭/જ

(૨) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના નિયામક મંડળની તા.૨૦/૭/૧૧ના રોજ બેઠકનો ઠરાવ કાર્યવાહી ક્રમાંકઃ–૬૦(૧૨)

(૩) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમનો તા.૨૮/૯/૨૦૧૧નો પત્ર ક્રમાંકઃ– અવિકો/યોજના/૫.સ/૨૦૧૧–૧૨.

(૪) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમનો તા.૧૦/૧/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ– અવિકો/યોજના/૨૦૧૧–૧૨/૧૩૮

**ઠરાવ :–**

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ ધ્વારા સીધા ધિરાણની યોજના હેઠળ મળેલ અરજીઓ/લાભાર્થીઓની પસંદગી કરવા માટેની પસંદગી સમિતિની રચના આમુખ ક્રમાંક ક્રમઃ–(૧) થી વિભાગના તા.૧૫/૫/૦૮ના ઠરાવથી કરવામાં આવી છે. વંચાણે લીધા મુજબ ક્રમ–(૨) થી નિગમે તા.૨૦/૭/૨૦૧૧ની નિયામક મંડળની બેઠકમાં આ સમિતિના અધ્યક્ષ તરીકે નિગમના ચેરમેનની નિમણૂંક કરવા બાબતે ઠરાવ પસાર કરવામાં આવેલ છે.અને વંચાણે લીધા ક્રમ–(૪) પરના તા.૧૦/૧/૨૦૧૨ના પત્રથી આ સમિતિની પુનઃ રચના કરવા વિનંતી કરવામાં આવી છે.આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વિચારણાને અંતે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ ધ્વારા સીધા ધિરાણની યોજનાઓ હેઠળ મળેલ અરજીઓ મુજબ લાભાર્થીઓની પસંદગી કરવા માટેની રચાયેલ પસંદગી સમિતિની નીચે મુજબ પુન : રચના કરવા આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સભ્ય | હોદ્દો |
|---|---|---|
| (૧) | નિગમના અધ્યક્ષશ્રી | સમિતિના અધ્યક્ષ |
| (૨) | નિગમના ઉપાધ્યક્ષશ્રી | સભ્ય |
| (૩) | નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી | સભ્ય |
| (૪) | વિભાગના સબંધિત નાયબ સચિવશ્રી (અ.જા.ક) | સભ્ય |
| (૫) | નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| (૬) | સચિવશ્રી,બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ | સભ્ય |
| (૭) | કમિશ્નરશ્રી,વાહન વ્યવહાર કે તેમના પ્રતિનિધિ | સભ્ય |
| (૮) | એન.એસ.એફ.ડી.સી નવી દિલ્હીના પ્રતિનિધિ | સભ્ય |
| (૯) | નિગમના જનરલ મેનેરજશ્રી, | સભ્ય સચિવશ્રી |

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**(પી.એલ.ઝાલા)**
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
– અધ્યક્ષશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ ૧૦/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાના</u>**

– માન.મંત્રીશ્રી (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી
– અગ્ર સચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી
– વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રીઓ,નાયબ સચિવશ્રી,ઉપ સચિવશ્રી
– કમિશ્નરશ્રી,વાહન વ્યવહારની કચેરી,૬/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
– નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
– મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુ.જાતિ વિકાસ કોર્પોરેશન,ગાંધીનગર.
– એન.એસ.એફ.ડી.સી.નવી દિલ્હી, (નિગમ મારફત)
– વિભાગની ચ,અ,અ–૧,ગ,છ,અને છ–૧ શાખાઓ.
– વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ. (નિગમ મારફત)
–વિભાગ હસ્તકના સર્વે બોર્ડ/કોર્પોરેશનો. (નિગમ મારફત)
– પસંદગી ફાઈલ.

RAJ40-42-43